ગાંધીનગર સમાચાર

હાઈ સપોર્ટ નીડ પ્રમાણપત્ર આપવા માટે જિલ્લા એસેસમેન્ટ બોર્ડની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

રાજયમાં બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને સહાયરૂપ થવા માટે હાઈ સપોર્ટ નીડના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર આપવા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા એસેસમેન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે તેમ આરોગ્ય વિભાગના ઠરાવમાં જણાવાયું છે.

ઠરાવમાં વધુમાં જણાવાયા અનુસાર કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલય દ્વારા અમલી બનાવાયેલ પર્સન્સ વીથ ડિસએબીલિટી એક્ટ-૧૯૯૫ અંતર્ગત વિકલાંગ વ્યક્તિ (સમાન તક, અધિકાર સંરક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) એમેન્ડમેન્ટ રૂલ્સ-૧૯૯૬ અને એમેન્ડમેન્ટ રૂલ્સ-૨૦૦૯ને રદ કરી રાઈટ ઓફ પર્સન્સ વીથ ડિસએબીલિટી એક્ટ-૨૦૧૬નો નવો કાયદો અમલી બનાવાયો છે જેની જોગવાઈ મુજબ રાજયમાં શારીરિક-માનસિક અન્ય ક્ષતિ ધરાવતા વ્યક્તિઓને હાઈ સપોર્ટ નીડ અંગેના પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા કરવા માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

હાઈ સપોર્ટ નીડ એસેસમેન્ટ અને પ્રમાણપત્ર માટે જિલ્લા કક્ષાએ એસેસમેન્ટ બોર્ડની રચના કરાઈ છે. જેમાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન શ્રી અથવા તબીબી અધિક્ષકશ્રી, મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ અધ્યક્ષ તરીકે રહેશે. આ ઉપરાંત ચાર સભ્યોની નિમણૂક કરાઈ છે. જેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, ઓર્થોપેડિક સર્જન, ઈએનટી સર્જન, ઓપ્થલ્મિક સર્જન, સાઈકિયાટ્રિક અને જનરલ ફિઝિશિયન અથવા બાળરોગ નિષ્ણાત (૧૮ વર્ષથી નીચેના દિવ્યાંગજન માટે), ઓક્યુપેશનલ થેરાપિસ્ટ અથવા ક્લિનિકલ સાયકોલોજીસ્ટ અથવા ફિઝિયોથેરાપિસ્ટ તથા અધ્યક્ષશ્રી જરૂર મુજબ નિષ્ણાંતની નિમણૂક કરી શકશે.

એસેસમેન્ટ બોર્ડ ખાતે સ્પેશિયાલિસ્ટની, કે સાધનોની કે ટેસ્ટિંગની સુવિધા ન હોય તો જે તે જિલ્લા એસેસમેન્ટ બોર્ડના અધ્યક્ષ નિવૃત સ્પેશિયાલિસ્ટ ડોક્ટર કે ખાનગી સ્પેશિયાલિસ્ટ ડોક્ટર કે સ્થાનિક કે નજીક પ્રેક્ટિસ કરતા હોય અને જરૂરી લાયકાત ધરાવતા હોય તેમની સેવા આઉટસોર્સથી લઈ શકશે, તે જ રીતે જે તે હોસ્પિટલ ખાતે ટેસ્ટિંગ ફેસેલિટી કે સાધનો ઉપલબ્ધ ન હોય તો જે તે હોસ્પિટલના વડા/ટ્રસ્ટની હોસ્પિટલના ટેસ્ટિંગ ફેસેલિટી કે સાધનોનો ઉપયોગ આઉટસોર્સિંગથી આરોગ્ય કમિશનરશ્રીના પરામર્શમાં રહીને હોસ્પિટલના વડાએ સવલત ઉભી કરવાની રહેશે. આવા ખાનગી તજજ્ઞની સહીથી અપાયેલા પ્રમાણપત્ર પર જે તે જનરલ હોસ્પિટલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી/મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના તબીબી અધિક્ષકશ્રીની પ્રતિ સહી કરેલ હશે તો જ પ્રમાણપત્ર માન્ય ગણાશે.

હાઈ સપોર્ટ નીડના એસેસમેન્ટ અને પ્રમાણપત્ર મેળવવા માટે અરજદારે પોતાની દિવ્યાંગતાના પ્રકાર મુજબ નક્કી થયેલ પોતે જ્યાં રહેતા હોય તે જિલ્લામાં નજીકની મેડિકલ ઓથોરિટી સમક્ષ અરજી કરવાની રહેશે. અરજી માટે રહેઠાણ અંગેનો માન્ય દાખલો, તાજેતરનો પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ રજુ કરવાના રહેશે. દિવ્યાંગ વ્યક્તિ સગીર હોય અથવા મંદ બુદ્ધિની હોય અથવા બીજી કોઈ રીતે વિકલાંગતાથી પીડાતી હોય જેને લીધે અરજી કરવા સક્ષમ ન હોય તો તેના કાનૂની વાલી તેના વતી અરજી કરી શકશે. બેન્ચમાર્ક દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ માટે હાઈ સપોર્ટ નીડના એસેસમેન્ટ માટે બોર્ડ દ્વારા છ પેરામીટર નક્કી કરાયા છે જેના ૧૦૦ ગુણ નિયત કરાયા છે તેનું મૂલ્યાંકન કરીને પ્રમાણપત્ર એનાયત કરાશે તેમ વધુમાં જણાવાયુ છે.

શાળાના મકાનો-સરકારી ભવનોમાં વરસાદી પાણીના સંગ્રહ રેઈન વોટર હાર્વેસ્ટીંગ પદ્ધતિ અપનાવીએ : મુખ્યમંત્રી

પાણી પરમેશ્વરનો પ્રસાદ છે તેનો કરકસરયુક્ત વિવેકપૂર્ણ ઉપયોગ કરી ભાવિ પેઢીને જળ સુરક્ષા આપીએ

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયની સરકારી શાળાના મકાનો, સરકારી ભવનોમાં વરસાદી પાણીના સંગ્રહ માટેની રેઈન વોટર હાર્વેસ્ટીંગ પદ્ધતિ અપનાવી જળ સંચય-જળ સંગ્રહનું આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, જળ એ જ જીવન છે અને પાણી જ વિકાસનો આધાર છે ત્યારે આપણી પૂરાતન પરંપરા એવી વરસાદી પાણીના ભૂર્ગભ જળસંગ્રહ ટાંકાની પદ્ધતિને હવેના નૂતન અભિગમ સાથે અપનાવી જળસુરક્ષા માટે સૌએ સામૂહિક પ્રયાસો કરવા જોઈએ.

મુખ્યમંત્રીએ વડોદરા જિલ્લાની સરકારી શાળાઓમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગના દેશભરમાં પ્રથમ એવા સફળ પ્રયોગનું ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા લોન્ચીંગ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં પાણીના દુષ્કાળને ભૂતકાળ બનાવવાની નેમ સાથે રાજય સરકારે છેલ્લા ત્રણ વર્ષથી જન સહયોગ દ્વારા જે સુજલામ સુફલામ જળ અભિયાન ઉપાડયું છે તેની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, નદી-તળાવો ચેકડેમ ઊંડા કરીને કાંપ-માટી કાઢીને વરસાદી પાણીનો વધુ

સંગ્રહ થઈ શકે તે હેતુથી રાજય સરકારે ૨૦૧૮ના વર્ષથી શરૂ કરેલા આ અભિયાનમાં આ વર્ષે કોરોના સંક્રમણના પડકાર છતાં પણ સમગ્રતયા ત્રણ વર્ષમાં ૪૦૬૨૮ લાખ ઘન ફૂટ જળસંગ્રહ ક્ષમતા આપણે વધારી શકયા છીયે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને વોટર સરપ્લસ સ્ટેટ બનાવવાની દિશામાં જે આયોજનબદ્ધ પગલાં ભરવામાં આવ્યા છે તેની વિગતો આપતાં કહ્યું કે સુજલામ સુફલામ જળ અભિયાન ઉપરાંત રિયુઝ ઓફ વોટર, સમુદ્રના ખારા પાણીને પીવાલાયક બનાવવા ૧૦ જેટલા ડિસેલીનેશન પ્લાન્ટસ, નગરો-મહાનગરોમાં ગંદા પાણીને શુદ્ધ કરી રિટ્રીટ કરીને તેનો ઊદ્યોગો, ખેતીવાડી માટે ઉપયોગ-રિયુઝ કરવાની નક્કર કામગીરી ગુજરાતે કરીને દેશને નવો રાહ બતાવ્યો છે.

વિજયભાઈ રૂપાણીએ ભાવિ વિકાસની નવી ચરમસિમા પાર કરવામાં પાણીને જ વિકાસનો આધાર ગણાવ્યો હતો. તેમણે આફતને અવસરમાં પલટવાના ગુજરાતના સંસ્કારને ઊજાગર કરવાની પ્રેરણા આપતાં કોરોના વચ્ચે-કોરોના સામે જંગ લડીને કોરોનાને હરાવવા પણ 'જાન હૈ – જહાન હૈ' સાકાર કરવાનું આહવાન આપ્યું હતું.

વડોદરા જિલ્લા વહિવટીતંત્ર એ જિલ્લાની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૧૦૦૦ જેટલા ભવનોને તબક્કાવાર આવરી લઈને આ શાળા ભવનોમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ વરસાદી પાણીના સંગ્રહનો પ્રોજેકટ માત્ર નવ માસના ટૂંકાગાળામાં પૂર્ણ કર્યો છે.

સમગ્રતયા રૂ. ૬ કરોડના ખર્ચે સાકાર થયેલા આ પ્રોજેકટમાં CSR એકટીવીટી અન્વયે જાહેર સાહસો અને જિલ્લા પ્રશાસનના વિવિધ સરકારી અનુદાનો, ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન ફંડ વગેરેનો નાણાંકીય સહયોગ પ્રાપ્ત થયો છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મુખ્યમંત્રીશ્રીના સચિવ અશ્વિનીકુમાર આ અવસરે ગાંધીનગરથી તેમજ રાજયમંત્રી યોગેશભાઈ પટેલ અને વડોદરા શહેર-જિલ્લાના વિધાયકો, સાંસદો, પદાધિકારીઓ વડોદરાથી વિડીયો કોન્ફરન્સ દ્વારા આ ઈ લોન્ચીંગમાં સહભાગી થયા હતા.

સ્મિત મ્યુઝિકની સોશિયલ ડિસ્ટન્સ સાથે પોસ્ટ-લોકડાઉન સંગીત સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૯

સ્મિત મ્યુઝિ દ્વારા ૨૨મી માર્ચથી લોકડાઉનમાં ઘરમાં ઘૂટન મુક્તતા, વ્યસ્તતા રહે એ હેતુસર ઓનલાઈન ફ્રી ઓફ એન્ટ્રીથી ઝૂમ એપ્સ-વોટ્સએપ પર ઓડીશન લેવાયા હતા. જેમાં ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, મેમદાબાદ વગેરેના સંગીત રસિકો જોડાયા હતા.

ફાઈનલીસ્ટોની આ કેરીઓકે સીંગીગ સ્પર્ધા ૨૮મી જુન, ૨૦૨૦ અમદાવાદ સ્ટુડિયો રાગ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધકો પૂરતી મર્યાદિત સંખ્યામાં કોરોના મહામારીના સમયમાં સોશિયલ ડિસ્ટન્સ અને સલામતી સાથે કોરોનાની કાળજી લેતા સેનેટાઈઝર, માસ્ક, ગ્લબ્ઝ અને સોશિયલ ડિસ્ટન્સનું પૂરતું ધ્યાન રાખીને સુઆયોજન કરવામાં આવ્યું હતું.

'પૂરી સાવધાની બર્તે ચલો થોડા થોડા ગાતે જાયે, હરપલ હસકે બિતાયે એ....' શિર્ષક શોમાં અમદાવાદ સ્થિત નીરવ હિંગ, નીરજ ગજ્જર જજીસ પદે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જયોતિ ગજ્જર તેમજ ભરત ગજ્જરે કર્યું હતું.

સ્પર્ધકોમાં રાજેન્દ્ર રાઠોડ, રાજેશ પરમાર, ધર્મેન્દ્ર ગજ્જર, નીરવ દવે, અતુલ દવે, ભરત પંડ્યા, રિઝવાન ખાન, ચેતન દરજી, કલ્પેશ કપૂર, જય મિસ્ત્રી, નિસર્ગ, રાજબોન, દિપ્તીબોન, લીલાબોન, હર્ષાબાહેન, કોમલબોન, નીરવભાઈ, નીરજ, મનીષભાઈએ તેમજ જયોતિ અને ભરત ગજ્જરે નવીન સ્ટુડીયો રાગની અદ્યતન સાઉન્ડ સિસ્ટમમાં એકએકથી ચડિયાતા ગીત પ્રસ્તુત કર્યા હતા.

વીનર ચેતન દરજી, ધર્મેન્દ્ર ગજ્જર, નીરવ દવે, રાજેન્દ્ર રાઠોડ, રિઝવાનખાન, ફાઈવ સ્ટાર સિંગર્સને ટ્રોફીથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કોરોનાનો ડર નહીં પણ સતર્કતા અંતર્ગત રચના 'શહેર ધબકતું રાખવું પણ છે જરૂરી, રાહે કાંટા ચાલવું પણ છે જરૂરી' દોહરાવવામાં આવી હતી.

ભિલોડામાં વિદ્યાર્થીઓને ચોપડા અને કેલ્ક્યુલેટર વિતરણ કરાયું

ભિલોડા તાલુકા મથક ખાતે ચૌહાણ (મોચી) સમાજના વિદ્યાર્થીઓને ચોપડા અને કેલ્ક્યુલેટરનું વિતરણ કરાતા આનંદની લાગણી પ્રસરી હતી.શ્રી ચામુંડા શિક્ષણ સમિતિ ધ્વારા ચોપડા અને કેલ્ક્યુલેટરના સૌજન્ય દાતા નિકુંજ એજયુકેશન ટ્રસ્ટ,ખેડબ્રહ્મા તરફથી દાન મળ્યું હતું.ભિલોડા કાપડ મહાજન સમિતિ,પ્રમુખ કલ્પેશકુમાર ચૌહાણ,બાબુલાલ ચૌહાણ,પ્રવિણભાઈ ચૌહાણ સહિત સામાજીક હોદ્દેદારો,કાર્યકરોના વરદ્ હસ્તે ચોપડા અને કેલ્ક્યુલેટર વિતરણ વિદ્યાર્થીઓને કરાયું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મકતમપુરા વોર્ડમાં ભાજપ મહામંત્રી ઈકબાલભાઈ સૈયદના માર્ગદર્શનમાં સાકીરભાઈ શેખ તેમજ અયુબ મલિકની ઉપસ્થિતમાં તુલસી છોડના રોપાનું વિતરણ કરવામાં આવ્યું.

એસ કે પટેલ સ્કૂલ ઈંગ્લીશ મિડિયમમાં એક્ટવિટી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'જર્મિનેશન'નો કાર્યક્રમ યોજાયો. જેમાં શાળાના પ્રિન્સિપાલ દિપાલી જોષીએ પણ તેમા ભાગ લીધો હતો. તેમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તથા વાલીઓનો પણ ખૂબ જ સારો સહકાર મળ્યો હતો. સ્કૂલમાં અવારનવાર ઓનલાઈન કલાસમાં શિક્ષણની સાથે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકો અને વાલીઓનો ખૂબ જ સારો સહકાર મળ્યો હતો.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે

વુમન એમ્પાવરમેન્ટ આધારિત 'નારી' વેબિનાર સિરીઝનું આયોજન

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૯

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના આઈ. ઈ.આઈ (મિકેનિકલ અને પ્રોડક્શન) તથા વિમેન ડેવલપમેન્ટ સેલ ના છાત્રો દ્વારા તા.૨૪ થી ૨૬ જૂન દરમિયાન ઓનલાઈન 'નારી' નામક વેબિનાર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં દેશ વિદેશમાં ખ્યાતનામ જગ્યા એ કાર્યરત સફળ મહિલાઓને વકતા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન. પટેલે સૌનું અભિવાદન કર્યું હતું તથા જણાવ્યું હતું કે નારી શક્તિ અને વુમન એમ્પાવરમેન્ટ માટે પુરાણો માં ત્રેતાયુગ માં સીતા માતા તથા દ્વાપરયુગમાં દ્રૌપદી એ શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડયું છે તથા સ્વતંત્ર સેનાનીમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, અહલ્યા બાઈ, શિવાજીની માતા જીજાબાઈ એ ઉત્તમ ઉદાહરણો છે આ ઉપરાંત મેડમ ક્યુરી,ઈન્દિરા ગાંધી,ઈન્દ્રા નૂયી, કલ્પના ચાવલા, મધર ટેરેસા, કિરણ બેદી જેવી એનેક સશકત મહિલા ઓ એ પોતાના ક્ષેત્ર માં અગ્રેસર રહીને સૌ નારી માટે પ્રેરણારૂપ બન્યા છે.આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે સમાજ ના વિકાસ નો સાચો આધાર એ વુમન ડેવલપમેન્ટ એન્ડ એમ્પાવરમેન્ટ પર રહેલો છે. ઉપરોક્ત વેબિનાર સિરીઝ દ્વારા મહિલા તજજ્ઞો એ પોતાના ક્ષેત્ર માં મેળવેલી સફળતા તથા અનુભવો એ સૌના માટે એક નવી વિચારસણી તથા દ્રષ્ટિકોણ ડેવલપ કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

પ્રથમ દિવસે 'પુષ્પાપ્રિયા' નામક સમાજ સેવિકા બેંગ્લોરથીજોડાયા. રાષ્ટ્રપતિ દ્વારા ૨૦૧૮ માં તેમને 'નારી શક્તિ પુરસ્કાર' થી સન્માનિત કરવામાં આવેલાછે. તેમને પોતાના અભ્યાસ દરમિયાન ફી ના ભરી

શકવાના કારણે મુશ્કેલી ઓ વેઠવી પડી હતી.આ ઘટનાથી પ્રેરિત થઈને તેઓએ શારીરિક રીતે દિવ્યાંગ અથવા તો કોઈ મુસીબત ના કારણે પરિક્ષા આપવામાં મુશ્કેલી અનુભવતા વિદ્યાર્થીઓને મદદ કરવાનો નિશ્ચય કર્યો. અત્યાર સુધીમાં તેઓ આવા ૬૭૦થી વધુવિદ્યાર્થીઓને ખુદ મદદ કરી ચુક્યા છે. તેમણે યુવાનારી ઓને સંબોધતા કહ્યુંકે કઈ રીતે તેઓ ઘર તથા ઓફિસ ઉપરાંત સમાજસેવાનું કાર્યકરીને સમાજ સુધારક સાબિત થઈ શકે છે. આ ઉપરાંત તેમણે સ્ટાર્ટ - અપ દ્વારા મળતી રોજગારીની તકો વિશે વાત કરી ને તેના માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિતકર્યા.

બીજા દિવસે 'આકાંક્ષા દેઓરા' જોડાયા જેઓ હાલ ઈન્ડિયન ઓવર્સિસ બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે કાર્યકરીરહ્યાછે. તેમણે બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાંથી સ્નાતક ડિગ્રી નો અભ્યાસકર્યોછે. અનેકોલેજકાળ દરમિયાન સતત ૨ વર્ષ અમૂલ વોલ્કેનોમાં પર્સનાલિટી કન્ટેસ્ટના વિજેતા રહી ચૂક્યા છે. તેમણે કોલેજનાં ૪ વર્ષ દરમિયાન થતી મુંઝવણો તથા તેના ઉપાયો વિશે વાત કરીઅને વિદ્યાર્થીઓ એ આ ૪વર્ષનો સદુપયોગ કઈ રીતે કરવો તેનાવિશેવાતકરી.

ત્રીજા દિવસે નિરાલી દેસાઈ કેનેડા થી જોડાયા.તેઓ ઈમ્પેક્ટ કન્સલ્ટિંગ ગ્રુપમાં મુખ્ય સલાહકાર તરીકે કાર્યરત છે. તેઓ એ બીવીએમમાંથી ઈલેક્ટ્રિકલ એન્જીનીયરીંગ નો અભ્યાસ કર્યો છે તેમનોવિષયહતો "Teaching our girls to be brave, not perfect". તેમણે આજની નારીને સાહસિક બનવાની સલાહ આપી તથા દરેક ક્ષેત્રમાં આગળ વધવાઅને તકવિકસાવવા માટે પ્રેરણા આપી. દરેક સત્રના અંતે સવાલ જવાબ નો રાઉન્ડ હતો જેમાં વકતાએ વિદ્યાર્થીઓના સવાલોના ઉકેલ આપ્યા.

'નારી' વેબિનાર સિરીઝ વિદ્યાર્થીનીઓ તથા મહિલાઓ માટે પ્રેરણાદાયી સાબિત થાય તેવી શુભેચ્છા વિમેનડેવલપમેન્ટ સેલ ના વડા ડૉ. તૃપ્તિ દેસાઈ તથા મિકેનિકલ એન્જિ. ના વડા ડૉ.પી.એમ. જયોર્જ એ પાઠવીહતી. પ્રો. ભરતપટેલ તથા બીવીએમના વિદ્યાર્થીઓ અભિષેક, દ્રષ્ટિ, ભવ્ય, પ્રશિષ, શ્રેયાંશ વગેરેએ 'નારી'ને સફળ બનાવવા ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ શુભેચ્છા પાઠવી હતી.

ડાયરેક્ટ સે

ઘણીવાર જીવનમાં આપણે વગર વાંગે સહન કરવું પડે છે...
એટલા માટે નહિ કે આપણે ખરાબ છીએ...
પણ એટલા માટે કે આપણે જરૂરિયાત કરતા વધારે સારા છીએ...

જન્મદિને વધામણી

મહેશ ડી ઠાકોર
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩

મુન્નીબેન શૈલેન્દ્રસિંહ ઠાકોર

દક્ષ ભરતભાઈ વાઘેલા
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩

મનોજકુમાર પ્રજાપતિ
મો. ૯૭૨૩૮ ૧૪૨૪૧

નર્મદાબેન લાલજીભાઈ હેરમા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ
મો. ૯૪૨૬૫ ૨૫૨૨૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સચેત રહો સુરક્ષિત રહો